અપીલ અરજી નં.૧૦૨ તા.૩૦–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૦–૪–૧૧ ની અરજીથી (૧) દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ભારતીય બૌધ્ધ મહાસભાનાં કાર્યાલયને લગતી તા.૧૫–૧૨–૧૦ ની અરજી બાબતે કોઈ પ્રતિ ઉત્તર આપેલ નથી. તેનું કારણ શું છે? તેની માહિતિ આપવા બાબત. (૨) શ્રમિક એકતા પરિષદના લેટરપેડ પર ડો. બાબાસાહેબ આંબેડકરનો ફોટો જોઈ નફરત થઈ લાગે છે? તેના કારણો સાથે સમયમર્યાદામાં માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૫–૧૧ ની **SMC/FAP/** નં.૧૦૨/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૦–૪–૧૧ ની અરજીથી (૧) દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ભારતીય બૌધ્ધ મહાસભાનાં કાર્યાલયને લગતી તા.૧૫–૧૨–૧૦ ની અરજી બાબતે કોઈ પ્રતિ ઉત્તર આપેલ નથી. તેનું કારણ શું છે? તેની માહિતિ આપવા બાબત. (૨) શ્રમિક એકતા પરિષદના લેટરપેડ પર ડો. બાબાસાહેબ આંબેડકરનો ફોટો જોઈ નફરત થઈ લાગે છે? તેના કારણો સાથે સમયમર્યાદામાં માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી (વરાછા ઝોન) તરફથી માંગવામાં આવેલ માહિતી આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૭ તા.૮–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી સંકલનના નામે જાવક નંબર, તારીખ વિનાના પત્ર સાથે મળેલ પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારનો તા.૧૫–૧૨–૧૦ નો પત્રની નકલ, બીપીએલ કાર્ડની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૩ તા.૧૯–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૩૦–૪–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે માંગવામાં આવેલ માહિતી આપેલ ન હોવાનું જણાવી તા.૩૦–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજીના (૧) દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ભારતીય બૌધ્ધ મહાસભાનાં કાર્યાલયને લગતી તા.૧૫–૧૨–૧૦ ની અરજી બાબતે કોઈ પ્રતિ ઉત્તર આપેલ નથી. તેનું કારણ શું છે? તેની માહિતિ આપવા બાબત. (૨) શ્રમિક એકતા પરિષદના લેટરપેડ પર ડો. બાબાસાહેબ આંબેડકરનો ફોટો જોઈ નફરત થઈ લાગે છે? તેના કારણો સાથે સમયમર્યાદામાં માહિતિ આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૯૩ તા.૧૯–૫–૧૧ થી આ મુદ્દાનો સમાવેશ આરટીઆઈ એકટ હેઠળ માહિતીની વ્યાખ્યામાં થતો નથી. તેવું જણાવેલ છે. અરજદારની અપીલ અરજીમાં નારાજગીનું કોઈ સ્પષ્ટ કારણ જણાતું નથી તથા કોઈ આધાર કે પુરાવા રજૂ કરેલ જણાતા નથી.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પ્રથમ ભાગનો ઉત્તર " અરજદારની તા.૧૫–૧૨–૧૦ ની અરજીનો પ્રતિ ઉત્તર આપેલ નથી તેનું કારણ જણાવેલ નથી જે પારદર્શિતા અને જવાબદારીના કાયદાના ઉદ્દેશો ધ્યાને લેતાં આપવા જોગ થાય. ઉત્તરાર્ધ ભાગનો જાહેર માહિતી અધિકારીનો ઉત્તર યોગ્ય જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ તા.૧૫–૧૨–૧૦ ની અરજીનો પ્રતિ ઉત્તર નહીં આપવાના કારણની દફતરી હકીકતલક્ષીમાહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૫) હેઠળ બીપીએલ અરજદારને વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,